## નરેન્દ્ર મોદી મેડીકલ કોલેજ

---

# ટેન્ડર નં- ૧૧૦/૨૦૨૪-૨૫

# ટેન્ડર ફોર્મ

નરેન્દ્ર મોદી મેડીકલ કોલેજની (૧) બોયઝ હોસ્ટેલની મેસ અને (૨) ગર્લ્સ હોસ્ટેલની મેસ

"લીવ એન્ડ લાઈસન્સ" કોન્ટ્રાક્ટથી ચલાવવા અંગેનું ટેન્ડર ફોર્મ

**સૂચનાઓ :-**

- ટેન્ડર ફી : નીચે મુજબ (ફકત ડીમાન્ડ ડ્રાફ્ટ / પે ઓર્ડર દ્વારા - ટેન્ડરફોર્મ અને ટેકનિકલ બીડ સાથે મુકવી)

| ક્રમ | સ્થળ | ટેન્ડર ફી |
|---|---|---|
| (૧) | બોયઝ હોસ્ટેલ મેસ | રૂા. ૨૫૦૦ + ૧૮% જી.એસ.ટી. |
| (૨) | ગર્લ્સ હોસ્ટેલ મેસ | રૂા. ૨૫૦૦ + ૧૮% જી.એસ.ટી. |

- અર્નેસ્ટ મની ડીપોઝીટઃ નીચે મુજબ (ફકત ડીમાન્ડ ડ્રાફ્ટ / પે ઓર્ડર દ્વારા - ટેન્ડરફોર્મ અને ટેકનિકલ બીડ સાથે મુકવી)

| ક્રમ | સ્થળ | અર્નેસ્ટ મની |
|---|---|---|
| (૧) | બોયઝ હોસ્ટેલ મેસ | રૂા. ૧૦,૦૦૦ |
| (૨) | ગર્લ્સ હોસ્ટેલ મેસ | રૂા. ૧૦,૦૦૦ |

- ટેન્ડર ભરવા માટેની નીચેની પધ્ધતિનો ઉપયોગ કરવો

  - પ્રથમ કવરમાં :- (**ફાયનાન્સીયલ બીડ મુકવું નહિ**)
    1. ટેન્ડર ફોર્મ, દરેક પાના પર સહી સિક્કા સાથે
    2. ટેકનિકલ બીડ
    3. જરૂરી દસ્તાવેજી પુરાવાઓ
    4. ટેન્ડર ફીનો ડ્રાફ્ટ
    5. અર્નેસ્ટમની ડિપોઝીટનો ડ્રાફ્ટ

  - બીજા કવરમાં :- ફાયનાન્સીયલ બીડ

---

# નરેન્દ્ર મોદી મેડીકલ કોલેજ

- **ત્રીજા કવરમાં :- ઉપરોકત બંને કવરો મુકી કવરને સીલ કરવું તથા કવર પર જે જગ્યા માટેનું ટેન્ડર હોય તે જગ્યાનું નામ સ્પષ્ટપણે (દા.ત. - બોયઝ હોસ્ટેલ મેસનું ટેન્ડર, ગર્લ્સ હોસ્ટેલ મેસનું ટેન્ડર) લખવું, ટેન્ડરરનું નામ - સરનામું - સંપર્ક માટેની વિગતો લખવી અને નીચે દર્શાવ્યા મુજબ ટેન્ડર મોકલવાના સરનામે રૂબરૂ અથવા રજીસ્ટર્ડ પોસ્ટથી જ જમા કરાવવું.**

- સદર ટેન્ડર રજીસ્ટર સ્પીડ પોસ્ટથી / રુબરુ મોકલવાનું રહેશે.
- આ ટેન્ડરમાં જો કોઈ જરુરી માહિતિ ભરેલી ન હોય કે અધુરી માહિતિ હશે તો ટેન્ડર રદ થયેલ ગણવામાં આવશે.
- ટેન્ડર ફોર્મમાં સહી વગરની વિગત ધ્યાનમાં લેવામાં આવશે નહિ. દરેક પાના પર જો ટેન્ડરર દ્વારા સહી - સિક્કા કરવામાં આવેલ નહી હોય તો ટેન્ડર રદ બાતલ ગણાશે.
- ટેન્ડર સાથે રજૂ કરવામાં આવતા તમામ દસ્તાવેજી પુરાવાઓ જેવાં કે અગાઉના કરારના પત્રો, વર્ક ઓર્ડરની નકલો, સંતોષકારક કામગીરી અંગેના સર્ટીફિકેટ, ગુમાસ્તાધારા રજીસ્ટ્રેશન, પ્રોફેશનલ ટેક્ષનું રજીસ્ટ્રેશન, નોંધણીના પ્રમાણપત્રો વગેરે પોતાની સહીથી સ્વયં પ્રમાણિત કરેલ હોવા જોઇશે અન્યથા ધ્યાને લેવામાં આવશે નહિ.
- ટેન્ડરનો સ્વીકાર કરવો કે ન કરવો તેનો અધિકાર સેક્રેટરીશ્રી,એ.એમ.સી.મેડીકલ એજયુકેશન ટ્રસ્ટનો રહેશે.

ટેન્ડર સબમીશન અંગેની વિગતો :-

| ક્રમ | ટેન્ડરનું નામ | ભરવાની છેલ્લી તારીખ અને સમય | ટેન્ડર મોકલવાનું સરનામુ | ટેકનિકલ બીડ ખોલવાનો સમય અને તારીખ |
|---|---|---|---|---|
| ૧ | નરેન્દ્ર મોદી મેડીકલ કોલેજની<br>(૧) બોયઝ હોસ્ટેલની મેસ<br>(૨) ગર્લ્સ હોસ્ટેલની મેસ | તા.૨૩/૦૭/૨૦૨૪<br>સમયઃ- બપોરે ૨:૦૦ કલાક | ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રીની ઓફિસ, નરેન્દ્ર મોદી મેડીકલ કોલેજ, મણીનગર, અમદાવાદ - ૦૮. | તા.૨૩/૦૭/૨૦૨૪<br>સમયઃ- બપોરે ૪:૦૦ કલાક |

ટેન્ડરરનું નામ :

તથા

સરનામું :

સંપર્ક નં :

**ટેન્ડરરની સહી અને સિક્કો**

# (ટેકનીકલ બીડ)

૧) કોન્ટ્રાકટરનું પુરેપુરુ નામ :

૨) કોન્ટ્રાકટરનું પુરેપુરુ સરનામું :

૩) હાલનો વ્યવસાય અને વ્યવસાયનું સ્થળ :

૪) આ કામગીરીનો અનુભવ વર્ષમા :

૫) મેસમાં વેચાણ કરવા માટેની ચીજ :
વસ્તુઓ વજનનું એકમ તથા તેના દર

| અનું. નં. | વિગત | જથ્થો/પ્રમાણ | ભાવ પત્રક |
|---|---|---|---|
| ૧ | ચ્હા-કોફી | ૧૨૦ મીલી. લીટર | ૨૦ |
| ૨ | ચા-અડધી | ૬૦ મીલી.લીટર | ૧૦ |
| ૩ | કોફી- આખી | ૧૨૦ મીલી. લીટર | ૨૫ |
| ૪ | કોફી-અડધી | ૬૦ મીલી.લીટર | ૧૫ |
| ૫ | કોલ્ડકોફી | ૧૨૦ મીલી. લીટર | ૫૦ |
| ૬ | ફરસાણ (દરેક પ્લેટના)<br><br>- બટાકા પૌઆ<br>- ગોટા<br>- બટાકાવડા<br>- કટલેસ<br>- સમોસા (૨ નંગ)<br>- મુઠીયા<br>- ખમણ - પાત્ર<br>- ખાંડવી<br>- સેવ ખમણી<br>- દાળવડા | ૧૦૦ ગ્રામ (ચટણી સાથે) | દરેકના ૩૫ |

| | | | |
|---|---|---|---|
| | - ઉપમા<br>- બટાકા/ડુંગળી ભજીયા<br>- ઈદડા<br>- ઢોકળા<br>- મેંદુવડા | | |
| ૭ | - ચણાપુરી<br>- સમોસા ચાટ<br>- સેવપુરી ચાટ<br>- કચોરી ચાટ<br>- બ્રેડ રોલ<br>- બ્રેડ પકોડા<br>- ભેળ<br>- ચાઈનીસ સમોસા<br>- વઘારેલી ઇડલી<br>-પાપડી ચાટ<br>-આલુ ચાટ | ૧ પ્લેટના | ૫૫<br>૪૦<br>૪૦<br>૪૦<br>૪૦<br>૪૦<br>૪૦<br>૪૦<br>૪૦<br>૪૦<br>૪૦ |
| ૮ | સાઉથ ઈન્ડીયન<br>-ઈડલી સંભાર સાથે<br>- સાદા ઢોંસા સંભાર સાથે<br>-મસાલા ઢોંસા સંભાર સાથે<br>- અન્ય પ્રકારના ઢોંસા<br>- પ્લેન ઉત્તપમા સંભાર સાથે<br>-ઓનીયન ઉત્તપમા | ૧ પ્લેટના | ૪૦<br>૫૦<br>૬૦<br>૬૫<br>૫૦<br>૫૦ |
| ૯ | **સેન્ડવીચ/પફ**<br>- બ્રેડ બટર<br>- બ્રેડ જામ<br>- આલુમટર<br>- વેજીટેબલ<br>- ચીઝ સેન્ડવીચ<br>- ચીઝ ચટની સેન્ડવીચ<br>- વેજ ગ્રીલ સેન્ડવીચ<br>- ચીઝ ગ્રીલ સેન્ડવીચ<br>- વેજ ચીઝ ગ્રીલ સેન્ડવીચ<br>- કલબ સેન્ડવીચ<br>- બટર મસ્કાબન<br>- બટર જામ મસ્કાબન<br>- પફ<br>- ચીઝ પફ<br>- વડા પાંઉ<br>- દાબેલી | એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક | ૩૦<br>૩૦<br>૩૫<br>૩૫<br>૪૫<br>૫૦<br>૫૦<br>૬૦<br>૬૦<br>૮૫<br>૨૫<br>૩૦<br>૩૦<br>૩૫<br>૩૦<br>૨૫ |

| | | | |
|---|---|---|---|
| | - પીઝા(૬ ઇંચ વ્યાસ) | એક | ૭૦ |
| ૧૦ | પુરી-શાક/પરોઠા શાક<br>(૭ નંગ પુરી / ૩ પરોઠા ૧૦૦ ગ્રામ શાક આપવામાં આવશે.)<br>- વેજી.પુલાવ<br>- ભાજીપાંઉ | | ૫૦<br><br>૫૦<br>૫૦ |
| ૧૧ | - ફીકસ લંચ / ડીનર<br>(દાળ-ભાત,શાક,કઠોળ, રોટલી(૫),કચુંબર,આચાર,પાપડ) | | ૬૫ |
| ૧૨ | -મેગી<br>- ચાઈનીઝ નુડલ્સ, ફ્રાઈડ રાઈસ, ઇડલી ચીલ્લી , ફ્રેન્કી<br>- મન્ચુરીયન નુડલ્સ , ચાઇનીસ ભેળ | | ૩૫<br>૫૦<br>૫૦ |

આ ઉપરાંત બીજી કોઇ આઇટમ કોન્ટ્રાકટર આપવા માંગતા હોય તો તેના ભાવ જણાવવા.

૬) પેકીગમાં વેચવામાં આવતી ખાધ્યપદાર્થોની વસ્તુ જે તે પ્રોડક્ટ ઉપર છાપેલા ભાવ જણાવવા.

૭) સરકારશ્રી દ્વારા પ્રતિબંધિત કરેલ પ્લાસ્ટીકની ચીજવસ્તુઓનો ઉપયોગ થાય તેવા ખાધ્ય પદાર્થોનું વેચાણ કરી શકાશે નહી.

૮) ભવિષ્યમાં સરકારશ્રી તરફથી જે તે વસ્તુઓના વેચાણ પર પ્રતિબંધ કરવામાં આવે તેવી ચીજવસ્તુઓનું વેચાણ કરી શકાશે નહિ.

૯) વધારાની કઈ સગવડો તેઓ સંસ્થાના વિદ્યાર્થીઓને આપી શકે તે છે તેની વિગત :

૧૦) બે પ્રમાણપત્રો સામેલ કરવા જરુરી છે. અગાઉ અગર હાલમાં કોન્ટ્રાકટર તરીકે હોય તે તે સંસ્થાનું પ્રમાણપત્ર અવશ્ય સામેલ કરવું. :

૧.

૨.

૧૧) વિશેષ જે કાંઈ માહિતી આપવી હોય તો તે :

**તારીખ :** **કોન્ટ્રાકટરની સહી**

હોસ્ટેલ મેસ ચલાવવા માટેની સામાન્ય માહિતી તેમજ શરતો નીચે મુજબ છે.

૧) હોસ્ટેલ મેસ તમામ દિવસોએ સવારના ૭.૦૦ થી રાતના ૧૦ .૦૦ કલાક સુધી ચાલુ રાખવાની રહેશે. મેસ ના સમય દરમ્યાન જરુર જણાતા ડીનશ્રીની સુચના અનુસાર ફેરફાર કરવાનો રહેશે.

૨) ઈલેકટ્રીક લાઈટો, પંખો, વોટર કુલર, સંસ્થા તરફથી વપરાશ માટે પુરા પાડવામાં આવશે, લાઈટ બીલ ભરવાની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૩) સંસ્થા તરફથી વિદ્યાર્થીઓને બેસવા માટેના ફર્નીચર તથા પાણીની સગવડ પુરી પાડવામાં આવશે. (અસામાન્ય સંજોગોમાં લાયસન્સીએ પાણીની સગવડ સ્વંયભૂ કરવાની રહેશે.)

૪) કોન્ટ્રાક્ટરે જે તે માસના ભાડા પેટે ડી.ડી./ ઇ.સી.એસ. થી જમા કરાવવાનું રહેશે તથા જે તે માસનું ભાડુ/ પ્રીમીયમ માસની ૧ થી ૧૦ તારીખમાં ભરવાનું રહેશે. જો તેમાં કસૂર થશે તો ૧૦ તારીખ બાદ પેનલ્ટી પેટે એક દિવસના રૂા.૨૫૦/- લેખે ભરવાના રહેશે. તથા જો પેનલ્ટી ભરવામાં ના આવે તો તે ડિપોઝીટમાંથી જપ્ત કરવામાં આવશે.

૫) લાઇસન્સીએ જરૂરીયાત મુજબ હોસ્ટેલ મેસ કમિટીની સુચના અનુસાર અઠવાડિયાનું મેનુ બનાવવાનું રહેશે.

૬) કોન્ટ્રાકટરે સંસ્થા સાથે હોસ્ટેલ મેસ કોન્ટ્રાકટથી ચલાવવા જરૂરી ભાડા પેટે કરાર કરવાનો રહેશે.

૭ ) ટેન્ડર એવોર્ડ કરવાની પધ્ધતિ નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | સમયગાળો / ટર્નઓવર | માર્કસ |
|---|---|---|---|
| ૧. | શૈક્ષણિક સંસ્થાઓમાં હોસ્ટેલ મેસ ચલાવવાનો અનુભવ (સર્ટીફીકેટના આધારે જ) | ૧ વર્ષથી ઓછો | ૨ |
| | | ૧-૩ વર્ષ | ૪ |
| | | ૩-૫ વર્ષ | ૬ |
| | | ૫ વર્ષથી વધુ | ૧૦ |
| ૨. | મેડીકલ/ડેન્ટલ કોલેજમાં હોસ્ટેલ મેસ ચલાવવાનો અનુભવ | ૧ વર્ષથી ઓછો | ૨ |
| | | ૧-૩ વર્ષ | ૪ |
| | | ૩-૫ વર્ષ | ૬ |
| | | ૫ વર્ષથી વધુ | ૧૦ |
| ૩. | વાર્ષિક ટર્નઓવર (ઇન્કમ ટેક્ષ રીટર્ન્સ આધારે) | ૨૦ લાખથી ઓછું | ૨ |
| | | ૨૦-૩૦ લાખ | ૪ |
| | | ૩૦-૪૦ લાખ | ૬ |
| | | ૪૦ લાખથી વધુ | ૧૦ |
| ૪. | અગાઉ બ્લેક લીસ્ટ કરવામાં આવેલ / લીટીગેશન હીસ્ટ્રી હોય તો | હા<br>ના | ૦<br>૨ |
| ૫. | ફુડ ક્વોલીટી અને સ્વાદ, મેસ એરીયાની સ્વચ્છતા અંગે, સ્ટોરેજ, સ્ટાફની સંખ્યા, વર્તણૂક તથા યુનિફોર્મ, કચરાનો નીકાલની વ્યવસ્થા અંગે મેસ કમીટી/સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ મૂલ્યાંકન | ઠીક<br>સરસ<br>ખૂબ<br>સરસ<br>ઉત્તમ | ૨<br>૪<br>૬<br>૧૦ |

દરેક ટેન્ડર ભરનાર માટે ઉપરોકત માર્કિંગ સીસ્ટમ અનુસાર ગુણાંકન કરવામાં આવશે.

ગુણાંકનના આધારે કવોલિફાઇડ થનાર ટેન્ડરરના ભાવ પત્રકો ખોલવા અંગેનો નિર્ણય લેવામાં આવશે.
ભાવ પત્રકો ખોલ્યા બાદ, ટેન્ડરર દ્વારા ભરવામાં આવેલ ઉપરોકત ગુણાંકનમાં મેળવવામાં આવેલ ગુણ નાં ૭૦% માર્ક તથા ફાઇનાન્શિયલ બીડના ૩૦% માર્ક, આમ ૧૦૦% માર્ક ગણવામાં આવશે.

સદર ભરેલ ટેન્ડર તા.૨૩/૦૭/૨૦૨૪ બપોરના ૨:૦૦ વાગ્યા સુધીમાં રજી. પોસ્ટ, સ્પીડ પોસ્ટ, રૂબરૂથી ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી, નરેન્દ્ર મોદી મેડીકલ કોલેજ, મણિનગર, અમદાવાદ - ૮ ની વહીવટી ઓફિસમાં મોકલી આપવાના રહેશે. ટેન્ડર ફી કે અર્નેસ્ટમની સિવાયનું ટેન્ડર સ્વીકારવામાં આવશે નહિ અને સ્વીકારેલ હશે તો રદ બાતલ ગણવામાં આવશે. તેમજ ટેન્ડર કવર ઉપર ટેન્ડરની વિગત સ્પષ્ટ શબ્દોમાં જણાવવાની તથા ટેન્ડર ઓપનીંગની તારીખ તથા સમય લખવાનો રહેશે. ટેન્ડરની ટેન્ડર ફી અને અર્નેસ્ટમની પેટે ડીમાન્ડ ડ્રાફટ "એ.એમ.સી.મેડીકલ એજયુકેશન ટ્રસ્ટ" ના નામનો ટેન્ડર સાથે મોકલવાનો રહેશે.

**તારીખ :** **કોન્ટ્રાકટરની સહી**

# શરતો

૧. ટેન્ડર ભરવા માટે કોન્ટ્રાક્ટ યુ.જી. ની ૧૦૦ કરતાં વધારે સીટ પ્રતિ વર્ષ ધરાવતી શૈક્ષણિક સંસ્થામાં હોસ્ટેલ મેસની કામગીરી કરેલ હોય તે જ કોન્ટ્રાક્ટના ટેન્ડરને માન્ય ગણવામાં આવશે.

૨. ટેન્ડર ભરવા માટે ફાઈનાન્શિયલ બીડની રકમ ઓછામાં ઓછી રૂા.૨૫,000/- + ટેક્સ બોયઝ હોસ્ટેલ મેસ તથા ઓછામાં ઓછી રૂા.૨૦,000/- + ટેક્સ ગર્લ્સ હોસ્ટેલ મેસની અલગ-અલગ ભરવાની રહેશે.

૩. સદરહુ મેસ રાખનારે ઓફર કરાયેલ અને મંજૂર થયેલ માસિક લાયસન્સ ફી મુજબની (૧) બોયઝ હોસ્ટેલ મેસ અને (૨) ગર્લ્સ હોસ્ટેલ મેસ માટે ૬ (છ) માસની રકમ સિક્યુરિટી ડીપોઝીટ (વગર વ્યાજે) તરીકે આપવાના રહેશે.

૪. હોસ્ટેલ મેસ ની જગ્યાના ઉપયોગ માટેની લાયસન્સ ફી દર માસની ૧ થી ૧૦ તારીખમાં આપવાની રહેશે. જો લાયસન્સ ફી સમયસર ભરપાઇ કરવામાં નહીં આવે તો, અગાઉથી કોઇપણ પ્રકારની જાણ કર્યા સિવાય મેસનો કબજો પરત મેળવવામાં આવશે.

૫. જો કોન્ટ્રાક્ટર દ્વારા ઈલેક્ટ્રીક બીલ ટાઈમ પર ભરવામાં ના આવે તો બીલની રકમના ૫% પેનલ્ટી પેટે પ્રતિ માસ ચુકવવાના રહેશે. તથા જો ૨ માસનું ઈલેક્ટ્રીક બીલ કોન્ટ્રાક્ટર દ્વારા ભરવામાં નહિ આવે તો તેમનો કોન્ટ્રાક્ટ રદ કરવામાં આવશે અને ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

૬. હોસ્ટેલ મેસ ની જગ્યા લાયસન્સી તરીકે આપવામાં આવશે અને તે ડીનશ્રી, કોલેજની લેખિત સંમતિ વગર કોઈને ટ્રાન્સફર થઈ શકશે નહિ.

૭. હોસ્ટેલ મેસ માં નકકી થયા મુજબની આઈટમો/વાનગીઓ દૈનિક જરુરી જથ્થામાં રાખવાની રહેશે. સદરહુ વાનગીઓ ઉચ્ચ ગુણવત્તાવાળી, સારી કક્ષાની તેમજ સ્વચ્છ વાસણ પ્લેટમાં કર્મચારી સ્ટાફને આપવાની રહેશે. વાનગીની બનાવટ ડીનશ્રીની સુચના અનુસાર કરવાની રહેશે તથા ડીનશ્રીનો નિર્ણય આખરી ગણવાનો રહેશે.

૮. હોસ્ટેલ મેસ અંગેની કાયદાકીય જોગવાઈ જેવી કે ફુડ સેફટી એકટ, ફેકટરી એકટ, પ્રો.ફંડ એકટ, બોનસ એકટ, ઈ.એસ.આઈ.એકટ વિગેરે તેમજે અન્ય તમામ લાગુ પડતા કાયદાઓનું બરાબર પાલન કરવાની સંપૂર્ણ જવાબદારી લાયસન્સીની (કરાર મેળવનાર) રહેશે. આ બાબતોમાં કોઈ કાનુન ભંગ થયેલ હશે તેના કારણે કોઈ દંડ કે અન્ય જવાબદારી ઉપસ્થિત થશે તો તે રકમ કોન્ટ્રાકટર પાસેથી વસુલ કરવામાં આવશે. જે તે અંગે કોઇ કાનૂની કે સરકારી કાર્યવાહી કરવાની થશે તો તે કરવાની જવાબદારી લાયસન્સીની (કરાર મેળવનાર) રહેશે.

૯. હોસ્ટેલ મેસ માટેની જરુરી પરમીટ / હેલ્થ લાયસન્સ વગેરે મેળવવાની જવાબદારી લાયસન્સી ની રહેશે.

૧૦. સદરહુ હોસ્ટેલ મેસ ની જગ્યા આગળ તથા અંદર કોઈ પણ જાતની ગંદકી ન થાય અને સાફસુફી રહે તે પ્રમાણેની વ્યવસ્થા લાયસન્સીએ રાખવી પડશે અને તે વ્યવસ્થા આધુનિક ઢબે રાખવી પડશે.

૧૧. અનિવાર્ય સંજોગોમાં પાણીની વ્યવસ્થા લાયસન્સીએ પોતે કરવાની રહેશે. જેનો ખર્ચ જે તે લાયસન્સીએ ભોગવવાનો રહેશે.

૧૨. હોસ્ટેલ મેસ ના નોકરોના પોષાક-યુનિફોર્મ સ્વચ્છ, કર્મચારી સામે વિવેકભરી વર્તણૂંક અને કેન્ટીન તથા મેસ ની વ્યવસ્થા આકર્ષાય તેવી કરવી પડશે.

૧૩. કોન્ટ્રાક્ટરે મેસમાં ઓનલાઇન પેમેન્ટની સુવિધા રાખવાની રહેશે.

૧૪. દરેક શરતોના પાલનની બાબતમાં ડીનશ્રીનો નિર્ણય આખરી રહેશે.

૧૫. શૈક્ષણિક સંસ્થાઓમાં હોસ્ટેલ મેસ ચલાવવાનો અનુભવ જરૂરી છે. મેડીકલ/ડેન્ટલ કે અન્ય કોલેજોમાં મેસ ચલાવનારને પ્રથમ પસંદગી આપવામાં આવશે. ટેન્ડર સાથે અનુભવ અંગેના સંસ્થાન વડા પાસેથી મેળવેલ સર્ટીફીકેટ સામેલ કરવા ફરજીયાત છે.

**ટેન્ડરરની સહી અને સિક્કો**

૧૬. હોસ્ટેલ મેસ ના કોન્ટ્રાકટર અધવચ્ચે મેસ ચલાવવાનું બંધ કરી શકશે નહી તેમજ કોન્ટ્રાકટ કરેલ સમય માટે મેસ ચલાવવાની રહેશે. જો મેસ ના કોન્ટ્રાકટર અધવચ્ચે મેસ ચલાવવાનું બંધ કરશે તો તેની ડીપોઝીટની રકમ જપ્ત કરી કાનુની કાર્યવાહી કરવામાં આવશે.

૧૭. હોસ્ટેલ મેસ કોન્ટ્રાકટર પાસે જે કાંઈ કોલેજનું લેણું હશે તે પ્રથમ કોલેજમાં જમા કરાવવાનું રહેશે. કોઈ લેણાની રકમ જમા કરાવશે નહિ તો તેવા સંજોગોમાં તેમના વાસણો કે અન્ય વસ્તુઓ કોલેજ જપ્ત કરી શકશે તે અંગે કોઈ તકરાર કે કોર્ટ કેસ કરી શકશે નહીં.

૧૮. સદરહુ કરારની મુદત ત્રણ વર્ષની રહેશે. જેમાંથી પ્રથમ ૩ માસ પ્રોબેશન પીરીયડ રહેશે. ૩ માસના સંતોષકારક કામ બાદ કોન્ટ્રાક્ટની ૧(એક) વર્ષ એટલે કે ૯ મહિનાની મુદત વધારવામાં આવશે. તથા ત્યારબાદ સંતોષકારક કામગીરી જણાશેતો કોન્ટ્રાક્ટ બીજા ૨(બે) વર્ષ માટે આપવામાં આવશે. કરારના સમયગાળા દરમ્યાન ક્યારેક પણ જો કોન્ટ્રાક્ટરની મેસ ચલાવવા બાબતની કામગીરી માટે અસંતોષ થાય તો એક માસની નોટીસ આપી સદરહુ કરાર રદ કરી શકાશે અને મેસનો કબ્જો પરત લઇ શકાશે. કરારના સમયગાળા દરમ્યાન કયારેય પણ જો કોન્ટ્રાકટરની મેસ ચલાવવા બાબતની કામગીરી માટે અષંતોષ થાય તો એક માસની નોટીસ આપી સદરહુ કરાર રદ કરી શકાશે અને મેસ નો કબ્જો પરત લઇ શકાશે.

૧૯. ઈ.એમ.ડી. રીફન્ડ બાબતે કંપનીનો બેંક ખાતા નંબર, બેંકનું નામ, બ્રાન્ચનું નામ, બેંકનો માઈકર નંબરની વિગત ટેન્ડર ફોર્મ સાથે સામેલ કરવાના રહેશે.

૨૦. સદરહુ મેસ, કોલેજ કેમ્પસ કે કોલેજ હોસ્ટેલ પ્રીમાઇસીસને કોઇપણ જાતનું નુકશાન ન થાય તેની તકેદારી રાખવાની રહેશે અન્યથા નુકશાનીનો ડીનશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ ખર્ચ ઈજારદારે ભરપાઇ કરવાનો રહેશે તેમજ મેસ માં કોઈપણ ગેરકાનુની પ્રવૃત્તિ કરવી નહી/કરાવવી નહી. જો કોઈ આવી પ્રવૃત્તિ જાણમાં આવી તો તેની સઘળી જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે અને કરાર રદ બાતલ કરવામાં આવશે અને ડિપોઝીટની રકમ જપ્ત કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. લાયસન્સી (કરાર મેળવનાર) ના કોઈપણ કર્મચારી / નોકરો / વ્યકિતઓ કેન્ટીન તથા મેસમાં વસવાટ કરી શકશે નહી.

૨૧. ટેન્ડર ભરનારે આ સાથે સામેલ નમૂના મુજબની બ્લેકલીસ્ટ / ડીબાર ન થયા હોવા અંગેની એફીડેવીટ સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઇઝ કરીને રજૂ કરવાની રહેશે. જેના વગર ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે.

૨૨. અન્ય કોઇ સંસ્થા કે જગ્યાએ બ્લેકલીસ્ટ / ડીબાર થયેલ એજન્સી અત્રેની ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લઇ શકશે નહી. તદુપરાંત આવી કોઇ એજન્સી નામ બદલીને અત્રેની ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લેશે અને ધ્યાન પર આવશે તો તેનું ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે. અગાઉ બ્લેકલીસ્ટ કે ડીબાર થયેલ કોઇ એજન્સીના પ્રોઇપરાઇટર / પાર્ટનર / ડીરેકટર / સંચાલક કે અન્ય હોદ્દેદાર ટેન્ડર ભરનાર એજન્સી સાથે સંકળાયેલ હશે તો તેનું પણ ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે.

૨૩. કરારના સમય દરમ્યાન ટેનડર ભરનાર સદરહુ કામગીરી અન્ય કોઇને સબ્લેટ / આઉટસોર્સ કરી શકશે નહી અને જો તેમ કરેલું હોવાનું જણાઇ આવશે તો તાકીદની અસરથી કરાર રદ કરવામાં આવશે.

૨૪. કોઇપણ કાયદાકીય બાબત અંગે Subject to Ahmedabad Juridiction રહેશે.

**તારીખ :** **કોન્ટ્રાકટરની સહી**

**ટેન્ડરરની સહી અને સિક્કો**

# (Rs. 300/- Stamp Paper)

અમોએ એએમસી મેટ મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા બહાર પાડવામાં આવેલ **નરેન્દ્ર મોદી મેડીકલ કોલેજની બોયઝ હોસ્ટેલની મેસ અને ગર્લ્સ હોસ્ટેલની મેસ "લીવ એન્ડ લાયસન્સ" કોન્ટ્રાકટથી ચલાવવા** ભરેલ છે અને તે બાબતે સોદંગપૂર્વક ખાત્રી આપીએ છીએ છે, અમારી એજન્સી અગાઉ કોઇ સંસ્થા / જગ્યાએ બ્લેક લીસ્ટ કે ડી બાર થયેલ નથી. વધુમાં ખાત્રી આપતા અમો / હું જણાવીએ છીએ કે અગાઉ બ્લેક લીસ્ટ કે ડી બાર થયેલ કોઇ એજન્સીના પ્રોઈપરાઈટર / પાર્ટનર / ડીરેકટર / સંચાલક કે અન્ય હોદ્દેદાર ટેન્ડર ભરનાર સદરહુ એજન્સી સાથે સંકળાયેલ નથી,

**સંસ્થાના વડાની સહી :**

**સંસ્થાનો સિકકો :**

**નોટરીના સહી - સિકકા**

# (ફાયનાન્સીયલ બીડ)

(૧) નીચે જણાવેલ જગ્યા માટેની મેસ લીવ એન્ડ લાયસન્સ ધોરણે, ભાવપત્રકમાં દર્શાવેલ ચીજવસ્તુઓ તેની સામે દર્શાવેલ જથ્થો અને ભાવ પ્રમાણે માસિક લાયસન્સ ફી ભરી ચલાવવા માટે હું / અમે તૈયાર છું / છીએ.

| **ક્રમ** | **જગ્યાનું નામ** | **ઓફર કરેલ માસિક લાયસન્સ ફી રૂા. (મિનીમમ રૂા.૨૫,૦૦૦ બોયઝ હોસ્ટેલ અને મિનીમમ રૂા.૨૦,૦૦૦ ગર્લ્સ હોસ્ટેલ માટે)** |
|---|---|---|
| ૧ | નરેન્દ્ર મોદી મેડીકલ કોલેજની બોયઝ હોસ્ટેલની મેસ | |
| ૨ | નરેન્દ્ર મોદી મેડીકલ કોલેજની ગર્લ્સ હોસ્ટેલની મેસ | |

(૨) સદરહુ ટેન્ડરની તમામ શરતોનું પાલન કરવાની હું સોંગદપૂર્વક ખાત્રી આપુ છું.

**તારીખ :** **કોન્ટ્રાકટરની સહી**

**ટેન્ડરરની સહી અને સિકકો**